# આજથી વિદેશની ધરતી પર પૂ. મોરારી બાપુની ૧૦૮મી રામકથાનો પ્રારંભ થશે

## આફ્રિકાના કેન્યા ખાતે પૂ. મોરારી બાપુની રામકથા યોજાશે : ૧૯૬૦થી પ્રારંભ થયેલ રામકથા વિશ્વભરમાં ચિંતન સાથે સાહિત્યનો સમન્વય કરતી સત્સંગની પરબ સમાન

ગાંધીનગર, તા. ૧૭

ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને રમઝાન ઈદના સુભગ સમન્વયના દિવસથી કેન્યાના નૈરોબી ખાતે પૂ. મોરારી બાપુની ૭૬૦મી રામકથાનો પ્રારંભ થઈ રહ્યો છે. વિદેશની ધરતી પર પૂ. મોરારી બાપુની આ ૧૦૮મી રામકથા છે. ૧૯૭૬માં નૈરોબી ખાતે જ તેમણે સૌપ્રથમ વિદેશની ધરતી પર પ્રથમ રામકથા કરી હતી.



પૂ. મોરારીબાપુ દ્વારા સૌપ્રથમ ૧૯૬૦માં તલગાજરડાથી રામકથાનો પ્રારંભ કર્યો હતો. તેમણે વ્યાસપીઠને કેળના ચાર પાંડદા વચ્ચેથી બહાર કાઢીને વિશાળતા બક્ષી છે તેમજ સંગીતના સથવારે ચોપાઈને વધુ શ્રવણીય બનાવી પોતાના મધુર સ્વર અને સુર-તાલ સાથે સરળ સમજણ, દર્શનની સાથે દ્દષ્ટાંતો તેમજ ચિંતનની સાથે સાહિત્યનો સમન્વય કરી રામકથાને વ્યાપક ફલક પર વિસ્તારી છે. પૂ. બાપુએ ૧૯૬૦થી ૧૯૭૧ સુધી મહુવાની આસપાસ જ કથાઓ કરી હતી. પરંતુ ૧૯૭૧માં વીલેપાર્લેથી મુંબઈની ધરતી પર કથારસ વર્ષા પ્રારંભ કરી જે હાલ વિશ્વભરમાં છવાઈ ગઈ છે. ૧૯૭૬માં કેન્યાથી પ્રારંભ થઈને ૧૯૭૮માં પશ્ચિમી વિશ્વમાં કેનેડાના બરનામી ખાતે કથા યોજાઈ હતી. પૂ. બાપુએ રામકથાના માધ્યમથી વિશ્વમાં સત્સંગની પરબ ખોલી છે.

# આજે અમદાવાદમાં સઘન સુરક્ષા વચ્ચે રથયાત્રા

## અમદાવાદમાં રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રહેશે : સવારે પ્રથમ મહિલા મુખ્યમંત્રી પરંપરાગત રીતે પહિંદ વિધિ કરાવશે

અમદાવાદ, તા.૧૭

અભૂતપૂર્વ ઉત્સાહ અને સઘન સુરક્ષા વ્યવસ્થા આવતીકાલે અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળવાની છે. રથયાત્રામાં લાખો લોકો જોડાવવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. જુદા જુદા અખાડાઓ છેલ્લા ઘણા દિવસથી તેમની તૈયારીમાં લાગેલા હતા. ઐતિહાસિક જમાલપુર મંદિર ખાતે બિરાજમાન જગન્નાથજી તેમના ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની સાથે શહેરીજનોને મળવા માટે પરંપરાગત રીતે એક દિવસની યાત્રાએ નિકળનાર છે. આ રથયાત્રામાં લાખોની સંખ્યામાં લોકો જોડાશે.

વહેલી સવારે જગન્નાથ મંદિરેથી રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ રથની પહિંદવિધિ કરાવીને યાત્રાને પ્રસ્થાન કરાવશે. રથયાત્રા શનિવારના દિવસે હોવાના કારણે પોલીસ તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જગન્નાથની પ્રતિષ્ઠા સાંજે કરવામાં આવ્યા બાદ રથયાત્રાને લઈને ઉત્સાહ વધી ગયો હતો. આવતીકાલે શહેરના જુદા જુદા માર્ગો ઉપરથી રથયાત્રા પસાર થશે જેમાં સંવેદનશીલ વિસ્તારોનો સમાવેશ થાય છે. ઐતિહાસિક રથયાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. રથયાત્રા રૂટ ઉપર સુરક્ષા જવાનો પણ ગોઠવાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા તથા રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પસાર કરવા તંત્રએ કમરકસી લીધી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં પોલીસ જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. શનિવારે રથયાત્રા નિકળનાર છે. સમગ્ર યાત્રા દરમિયાન સીસીટીવી, નેત્ર અને કન્ટ્રોલરૂમ મારફતે આખી રથયાત્રાનું મોનીટરીંગ કરવામાં આવશે. ભવ્ય રથયાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા સાવચેતીના તમામ પગલા લેવાયા છે. આવતીકાલે રથયાત્રા જગન્નાથ મંદિરેથી નીકળીને જમાલપુર ચકલા, વૈશ્ય સભા, ગોળ લીમડા, આસ્ટોડીયા ચકલા, મદન ગોપાલની હવેલીથી, રાયપુર ચકલા, ખાડિયા ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલથી કાલુપુર બ્રીજ થઈને સરસપુર જશે. સરસપુરમાં વિરામ બાદ કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, માણેકચોક થઈને ગોળ લીમડા, ખમાસા થઈને નીજ મંદિરે પાછી ફરશે. નિજમંદિર પરત ફર્યા બાદ જ તંત્રને રાહત થશે. રથયાત્રામાં હાથી, ટ્રકો, જુદા જુદા શણગારેલા રથ હશે જેના મારફતે લોકોને જુદા જુદા વિસ્તારોમાં પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. તમામ માર્ગો પર મોટી સંખ્યામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે જમા થનાર છે. જેથી ખાસ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પરંપરાગત રીતે રુટ ઉપર આગળ વધશે. શહેરમાં ૧૮ કિલોમીટરમાં આ યાત્રા ફરનાર છે. ભવ્ય રથયાત્રા હંમેશની જેમ યોજાનાર છે, જેમાં ૧૮ હાથી, ૧૦૦ ટ્રક અને ૩૦ અખાડા રહેશે.આ ઉપરાંત દિલધડક કરતબબાજો અને સ્ટંટમેન પણ મુખ્ય આકર્ષણ જમાવનાર છે. છેલ્લા કેટલાક દિવસથી રથયાત્રાની તૈયારી ચાલી રહી હતી.

### મુખ્યપ્રધાન પહિંદવિધિ કરાવી પ્રસ્થાન કરાવશે

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલે સવારે અમદાવાદ શહેરના જમાલપુરમાં આવેલા ઐતિહાસિક જગન્નાથ મંદિરમાં પહોંચશે અને વિશેષ આરતીમાં ભાગ લેશે. આ ઉપરાંત મુખ્યમંત્રી આનંદીબેન પટેલ રથની પહિંદવિધિ કરાવીને યાત્રાને પ્રસ્થાન કરાવશે. આનંદીબેન સતત બીજા વર્ષે પહિંદવિધિ કરાવશે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન આને લઈને ખુબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઘણા વર્ષ સુધી રથયાત્રાને પરંપરાગતરીતે શરૂ કરાવી હતી. આનંદીબેનની સાથે આવતીકાલે સવારે પહિંદવિધિ વેળા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો રહે તેવી શક્યતા છે. ઉપરાંત તેમના પ્રધાનમંડળના સભ્યો પણ રહેશે.

# ડીસા તાલુકા હેલ્થ કચેરી દ્વારા વિશ્વ વસ્તી ગણતરી દિનની ઉજવણી

ડીસા, તા. ૧૭

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૧૧ જુલાઈથી સત્તર જુલાઈ



સુધી વિશ્વ વસ્તી દિનના પખવાડિયાની ઉજવણી કરવા રાજ્યભરમાં પરિપત્રથી અપાયેલી સુચનાના અમલીકરણમાં આજે ડીસા તાલુકા હેલ્થ કચેરીનો સ્ટાફ પણ જોડાયો હતો. જેમાં જાગૃતિ રેલીને ભાજપાના યુવા મોરચાના પ્રદેશ મંત્રી પ્રવીણભાઈ માળીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

ડીસા તાલુકા હેલ્થ કચેરીના તાલુકા હેલ્થ અધિકારી અને સિવિલ હોસ્પિટલ અધિક્ષક અરવિંદ પરમારની રાહબરી હેઠળ આયોજિત રેલીને આજે સવારે ભાજપના યુવા મોરચાના પ્રદેશ મંત્રી પ્રવીણભાઈ માળીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં આરોગ્ય કર્મચારી સાથે શહેરના નાગરીકો પણ જોડાતા અને જાગૃત અભિયાન સંદર્ભના સુત્રોચ્ચાર કરતા આ રેલી શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ રેલીને સંબોધતા ડીસા હેલ્થ અધિકારી ડૉ. ઉમેશ ઝવેરીએ જણાવ્યું હતું કે સરકારે નવી થીમ રજુ કરી છે. 'ખુશહાલ પરિવારનો મંત્ર-બે બાળકો વચ્ચે ૩ વર્ષનું અંતર' જેને બહોળી પ્રસિદ્ધિ અપાઈ છે, જ્યારે ડીસા તાલુકામાં દર મંગળ અને શુક્રવારે નશબંધી કેમ્પ રખાય છે તેમજ ડીલેવરી બાદ તુરંત આધુનિક કોપર ટી નિઃશુલ્ક મુકી વસ્તી વધારાને નિયંત્રિત કરવાના તમામ પ્રયત્ન કરાય છે.



### ખેડબ્રહ્મામાં લોક દરબાર યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાનો પોલીસ લોક દરબાર ગુરૂવારે સાંજે અર્બુદા માતાજી મંદિર હોલમાં યોજાયો હતો. જેમાં નાગરિકોએ પોલીસને સ્પર્શતા રોજેરોજના પ્રશ્નો અને સમસ્યાઓની રજુઆત કરી હતી. જેનો સાબરકાંઠાના પોલીસ અધિક્ષક પી.કે. માલે પ્રશ્નોના ઉત્તર અને સમસ્યાઓ ઉકેલવાની ખાત્રી આપી હતી. લોક દરબારમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા, નિયત સ્થળોએ નાઈટ પેટ્રોલિંગ, જનરક્ષક યોજના લાગુ કરવા વગેરે જેવા પ્રશ્નો સ્થાનિકો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જેને તુરંત અમલમાં મુકવામાં આવશે અને જરૂર પડતા પોલીસ મદદ આપવામાં આવશે તેવી ખાત્રી પણ પોલીસે આપી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા વધુ એક તક અપાશે

## પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓને ૨૦ અને ૨૧મી જુલાઈના દિવસે તક અપાશે : વિદ્યાર્થીઓને રાહત થશે

અમદાવાદ, તા.૧૭

ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી રાજયની કૃષિ યુનિવર્સિટી તેમજ કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશથ વંચિત રહી ગયેલ છે. તેમના માટે આગામી ૨૦ અને ૨૧મી જુલાઈએ વધુ એક તક આપવામાં આવી છે.

આ પ્રવેશ રાઉન્ડમાં અગાઉ ચોઈસ ફિલીંગ અને વેરીફીકેશન કરાવેલી હોય અથવા ચોઈસ ફીલીંગ અને વેરીફીકેશન બાકી રહી ગયુ હોય તેવા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જે વિદ્યાર્થીઓ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગત હોય તેવ ૨૦ અને ૨૧ જુલાઈનાં રોજ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન ફોર્મ ચકાસણી કરાવી સંલગ્ન અભ્યાસ ક્રમની કોલેજની ચોઈસ ફિલીંગ કરી શકશે ત્યારબાદ બે ઓગસ્ટનાં રોજ બીજી પ્રવેશ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે.

જેમાં સમાવિસ્ટ વિદ્યાર્થીઓને ૩ થી ૫ ઓગસ્ટ દરમિયાન બેંકમાં ફી જમા કરવી તેની પહોંચ અને અસલ પ્રમાણપત્રો સાથે સંબંધિત કોલેજ ખાતે હાજર રહેવાનુ રહેશે. જ્યારે ધોરણ-૧૦ પછીના પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ૨૭ અને ૨૮ જુલાઈના રોજ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઈન ફોર્મ ચકાસણી કરી ચોઈસ ફિલીંગ કરવાની રહેશે. આ અભ્યાસક્રમો માટેની પ્રવેશ યાદી છઠ્ઠી ઓગસ્ટે જાહેર કરવામાં આવશે. જેમાં સમાવિષ્ઠ વિદ્યાર્થીઓ ૬ થી ૮ ઓગસ્ટ દરમિયાન બેંકમાં ફી જમા કરાવી તેની પહોંચ અને અસલી પ્રમાણપત્રો સાથે રહેવાનું રહેશે. આ રાઉન્ડ સાથે જ કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા આટોપી લેવામાં આવશે. જેથી આ નિશ્ચિત સમય મર્યાદામાં ચોઈસ ફીંલીગથી ફી ભરવા સહીતની પ્રક્રિયામાં નહી જોડાય તેવા વિદ્યાર્થીઓની કોઈ રજૂઆત પાછળથી ધ્યાનમા લેવામાં આવશે નહી.

# ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા માટે ૨૫મી સુધી અરજી થઈ શકશે

અમદાવાદ, તા.૧૭

રાજયનાં વિદ્યાર્થીમાં આઈ ટી ક્ષેત્રે વધુમાં જીજ્ઞાસા જગાડવાના હેતુથી ડિજિટલ ઈન્ડિયા ડિજિટલ ગુજરાતની ઓન લાઈન ક્વિઝ સ્પર્ધાનું આયોજન વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ અંતર્ગત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં આઈ ટી સાયબર સિક્યુરીટી, સામાન્ય કોમ્પ્યુટર સાયન્સ આઈ સી ટીને સંલગ્ન એમ સી ક્ય રહેશે. જેમાં ફોટો, ઓડિયો વિઝુઅલ ફિલ્મ દ્વારા પણ પ્રશ્નો પુછવામાં આવશે.

ડિજિટલ ગુજરાતની ઓન લાઈન ક્વિઝ સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૫ જુલાઈ-૨૦૧૫ સુધીમાં વેબસાઈટ ઉપર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ઓન લાઈન ક્વિઝ સ્પર્ધાનો પહેલો તબક્કો તા. ૧ થી ૨૧ ઓગસ્ટ-૨૦૧૫ સુધી યોજાશે. ઓન લાઈન ક્વિઝ સ્પર્ધાનો અંતિમ તબક્કો ૮ સપ્ટેમ્બર-૨૦૧૫ આતરરાષ્ટ્રી સાક્ષરતા દિવસના રોજ યોજાશે. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ક્વિઝ સ્પર્ધા અંગે વધુ માહિતી માટે ગુજરાત કાઉન્સિ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, બ્લોક નંબર-બી, ૭મો માળ બહુમાળી ભવન, પથિકાશ્રમની પાસે, સેકટર -૧૧ ગાંધીનગર, ફોન નંબર ૦૭૯-૨૩૨૫૯૩૬૨-૬૫ નો સંપર્ક કરવા ગુજકોસ્ટની યાદીમાં જણાવાયું છે.

# કાંકણોલ ગામમાંથી બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર નજીકના કાંકણોલ ગામના રહીશનું રૂા.૨૦ હજારની કિંમતનું બાઈક બારેક દિવસ અગાઉ મકાન પાસેથી ચોરાઈ જતા હિંમતનગરના એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. વિગત અનુસાર કાંકણોલ ગામમાં રહેતા હસમુખભાઈ રણછોડભાઈ પટેલે ગત તા.૩ જુલાઈના રોજ પોતાનું સ્પેલ્ન્ડર પ્લસ બાઈક નં.જીજે.૯.એ.એસ.૬૮૫૯ પોતાના મકાન પાસે પાર્ક કર્યુ હતું. રૂા.૨૦ હજારની કિંમતના બાઈકની કોઈ ગઠિયો ચોરી કરી લઈ જતા વાહન ચોરીની ઘટના અંગે તેમણે બુધવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## શબ્દાવલી - ૫૭૯૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ■ | | | ■ | | ■ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | ■ |

### આડી ચાવી

૧. મતભેદ, ઝગડો (૪)
૫. બોર જેવડું નાનું મોટું ફળ (૩)
૭. જૂની રૂઢિનું, જૂના વિચારોનું (૪)
૮. જબરા, કાચા નહિ તેવા(૨)
૯. પતંગ ચડાવી પછી કાગળનું ફાનસ ચડાવે તે (૩)
૧૧. હાથ, વેરો (૨)
૧૩. જુસ્સો, હોંશ (૨)
૧૪. વજનદાર વસ્તુને ઉંચકવાની યાંત્રિક કરામત, ઊંટડો (૨)
૧૫. જોઈએ તેટલું, ... પ્રમાણે(૨)
૧૭. કમાવું (૩)
૧૮. તમારું (૨)
૧૯. હક્ક, લાગો (૨)
૨૦. બોલાય (ગામઠી ભાષામાં)(૩)
૨૨. મંજુરી, છુટ્ટી (૪)
૨૩. ખેલાડીઓની ટૂકડી (૨)

### ઊભી ચાવી

૧. ખારેક જેમાંથી થાય તે ફળ (૩)
૨. એક માપ-વજન (૨)
૩. 'પારાવાર' શબ્દ આડોઅવળો (૪)
૪. નાચવા ગાવાવાળી, લોકોને ખુશ કરીને ગુજારો કરનાર (૩)
૫. રફ, કામ વગરનું (૩)
૬. સમ્મિલિત, સહભાગી (૩)
૧૦. લાકડુ કાતરવાનું એક સાધન (૪)
૧૧. મસ્તક ધરાવવું તે (૫)
૧૨. ચર્ચા, વાતની ઉહાપોહ(૪)
૧૩. જોરાવર, જોરવાળુ (૪)
૧૬. લંકેશ, લંકાનો રાજા (૩)
૨૦. ખરાબી, અનીતિ (૨)
૨૧. કમર, કેડ (૨)

### શબ્દાવલી ૫૭૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઝાંઝર (૪) સદાચાર (૮) વેજા (૯) નરઘુ (૧૦) ધરા (૧૧) વસવસો (૧૩) રોતલ (૧૫) ખો (૧૬) ખખડધજ (૧૯) સવાલ (૨૧) રાજન (૨૩) પડખુ (૨૪) દાહ (૨૫) સવાર સાંજ

**ઊભી ચાવી :-** (૧) ઝવેરાત (૩) રજા (૫) દાનવ (૬) ચારસો (૭) રઘુ (૧૦) ધરો (૧૨) સગડ (૧૪) લખલખુ (૧૭) ધરાહર (૧૮) જજ (૧૯) સપથ (૨૦) વાડ (૨૨) નરાજ (૨૪) દાવા

# સે-૮માં રહેતા રીટાયર્ડ એડી. ડીજીપીનું અવસાન

ગાંધીનગર શહરના સેકટર-૮-બી પ્લોટ નં. ૫૩૨/૨ ખાતે રહેતા એડી. ડીજીપીના હોદ્દા પરથી ચારેક વર્ષ પહેલા નિવૃત્ત થયેલા ૬૪ વર્ષીય કે. કુમાર સ્વામીનું આજે સવારના અરસામાં પોતાના ઘરે જ મૃત્યુ નિપજયું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને મૃત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.સે-૭ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી કાર્યવાહી શરુ કરી છે. જો કે પ્રાથમિક તપાસમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## વેતન-ભથ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે પાછળથી પસ્તાવુ અને પુંછડા પછાડવા તેના કરતાં સાચી વાત સ્વીકારવી જોઈએ.

ડે. મેયર શ્રી કાર્તિક પટેલે જણાવ્યું હતું કે ભાવનાબા તમારે જો વધારો ના જોયતો હોય તો ના લેતા બીજુ તમે અત્યાર સુધી મેળવેલા નાણાં પણ જો જમા કરાવશો તો કોર્પોરેશન સેવા માટે તે પરત લઈ લેશે અને ગરીબોની સેવામાં જે તેનો ખર્ચ થશે. હસવુ અને લોટ ફાકવો એ શક્ય નથી.

જો કે કોંગ્રેસના સભ્યોના આગ્રહને કારણે પ્રસ્તાવ મત પર મુકાયો હતો અને ૧૮ વિરૂદ્ધ ૧૫ મતે તે પસાર થયો હતો.

સીટી સર્વિસ માટે ૪૦ બસો ફાળવવા સરકારને વિનંતી કરવા અંગેના પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરાયો હતો. આ મુદ્દે કોંગ્રેસના હર્ષજીત પંડ્યાએ તંત્ર પાસે કોઈ ચોક્કસ વિઝનનો અભાવ હોવાનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે આપણી પાસે આ સેવા માટેનો ડી.પી.આર. તૈયાર નથી. આ માટેનો ચાલક ફોર્સ પણ નથી એટલુ જ નહી આ બસો લાવીને ક્યાં મુકવી તેનું કોઈ ચોક્કસ સ્થળ નથી એટલુ જ નહિ જો સરકાર પાસેથી આ બસો મેળવીશુ તો પછી હજુ થોડા દિવસો પહેલાં સ્ટેન્ડીંગ કમિટીએ શા માટે વાર્ષિક ઈજારો આપવાની ઉતાવળ કરી?

મોજી મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ બચાવ કરતાં જણાવ્યુ હતુ કે તમારા પ્રશ્નો બસોની ફાળવણી થાય તે પછીના છે એટલે અત્યારે આ વાતો વ્યાજબી નથી. ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે પણ શ્રી પંડ્યાની વાતનો વિરોધ કરતાં જણાવ્યુ હતુ કે ૪૦ બસો આવે ત્યારે બધુ જ આયોજન થઈ જશે તમે ખોટી ઉતાવળમાં વિરોધ કરી રહ્યા છો. જો કે શ્રી પંડ્યા તેમની વાતને વળગી રહ્યા હતા. તેમણે તંત્રને આયોજન વગર ઉતાવળીયા કામો કરતા રોકવુ જોઈએ તેમ જણાવ્યું હતું.

શ્રી પંડ્યાએ આદિવાડાની પ્રા. શાળાના બાળકો માટે મધ્યાહન ભોજન યોજનાનું જમવા માટે શેડ બાંધવો જોઈએ તેવી રજુઆત કરી જણાવ્યું હતું કે આ અંગેની રજુઆતો મેં કરી છે પરંતુ હવે તંત્રને ફાઈલ જડતી નથી. ચોમાસુ બેસી ગયું છે પણ તંત્રની આ પ્રકારની બેફિકરાઈ સાંખી લેવાય નહિ ગરીબ બાળકોને સુવિધા આપવાની વાત છે.

કોંગ્રેસના શ્રી અશ્વિન વ્યાસે પણ વાણિજ્ય વિસ્તારમાં કચરાના કલેક્શન માટે ડસ્ટબીન આપવા જોઈએ તેવી માંગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તાર કરતાં વધુ વેરો ચુકવતા વિસ્તારની બાદબાકી કરવી અન્યાયી વાત છે.

મેયર શ્રીમતિ મોદીએ જણાવ્યું હતું કે ૨૦૦ લીટરના ડસ્ટબીન લાવી અને આ વિસ્તારમાં મુકવાનું આયોજન થઈ ગયેલું છે. જે ટુંક જ સમયમાં કામગીરી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

કોંગીના શ્રી હસમુખભાઈ મકવાણાએ પ્રા. શાળાઓમાં બાળકો માટે વૉટરકુલરની તેમની માંગણી અંગે હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નહિ હોવાને લઈ રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં ૪ કરોડ ખર્ચવાની વાતો કરતા સત્તાધીશોએ ૪ વર્ષમાં એક પણ પાઈ ખર્ચી નથી.

મેયર શ્રીમતી મોદીએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામોને લઈ સભ્યો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે. તમારા જ પક્ષના પૂર્વ મેયર યુસુફભાઈ અને જીતુભાઈ રાયકાના સૂચનો મળ્યા છે તમે પણ મોકલી આપો સારા સૂચનો સ્વીકારવા માટે અમારૂ મન ખુલ્લુ છે. પ્રા. શાળામાં ૯૩ જેટલા આર.ઓ. પ્લાન્ટ કાર્યરત થઈ ગયાનું પણ તેમણે જણાવ્યું હતું.

## ૭૫ ટકા સહાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ ખેંચાવની પરિસ્થિતિમાં પાણીનો કરકસર અને સમજણપૂર્વકનો વપરાશ કરવામાં ખેડુતોને રાજય સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, ખેડુતોને ઘાસચારો ઉપલબ્ધ કરાવવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૫.૦ કરોડની જોગવાઈ સાથે રાજય પ્લાન યોજના અમલી કરાઈ છે. આ યોજના હેઠળ જુવાર, મકાઈ, રજકા બાજરી અને રજકા પાકનું બિયારણ ૭૫ ટકા સહાયથી તમામ જિલ્લાઓમાં વિતરણ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. સિંચાઈની સગવડવાળા ખેડુતોએ વિવિધ ઘાસચારાના બિયારણ મેળવવા જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારી, તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી-તાલુકા અમલિકરણ અધિકારી અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે.

વરસાદ ખેંચાવાની પરિસ્થિતિમાં પાક બચાવવા માટે ખેડુતોને આ મુજબ પગલાં લેવા ખેતી નિયામક દ્વારા અપીલ કરવામાં આવી છે. જેમાં સિંચાઈના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુથી ચાસમાં વાવેતર કરેલ પાકમાં એકાંતર ચાસમાં પિયત આપવું. ટપક સિંચાઈ પદ્ધતિમાં સિચાઈના સમય પત્રક અનુસાર નિયત કરેલ સમય પૂરતુ જ પિયત આપવું. અનુભવે એવુ જોવા મળેલ છે કે અમુક ખેડુતો મિત્રો નિયત કરે જોવા મળે છે. તેમજ ટપક સિંચાઈના, ફીલ્ટર, લેટરલ, પાઈપના ફીટીગ્સ સમયાંતરે ચકાસણી કરે, યોગ્ય દબાણથી ટપક મારફતે પિયત આપવામાં આવે તો પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેમ છે. ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવેલ હોય તે ખેડુતો પોતાની આજુ બાજુના ખેડુતોને ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવે તે અંગે જરૂરી માર્ગદર્શન કરવું અને આગામી સમયમાં ટપક સિંચાઈ વસાવવ પ્રોત્સાહીત થાય તેના સહીયારા પ્રયાસ કરવા પણ અપીલ કરવામાં આવે છે. પાણી ખેંચવાળા વિસ્તારોમાં ઉભા પાકમાં સમયસર આંતરખેડ તેમજ પાકનાં છોડની પુરતી સંખ્યાની જાળવણી, નિંદામણ મુકત પાક તેમજ મલ્ચિંગ પણ ભેજ સંગ્રહ માટે ઉપયોગી પુરવાર થાય છે, જેથી પાકને આગામી પિયત મળે ત્યાં સુધી બચાવવામાં મદદરૂપ પણ થઈ શકે છે, તેમ પણ ખેતી નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.